14.07.2025 પ્રાતઃમુરલી ઓમ શાંતિ બાપદાદા મધુબન

“ મીઠાં બાળકો - મોટાં - મોટાં સ્થાનો પર મોટી - મોટી દુકાન ( સેવાકેન્દ્ર ) ખોલો , સર્વિસ ( સેવા ) ને વધારવા માટે પ્લાન બનાવો , મીટિંગ કરો , વિચાર ચલાવો”

પ્રશ્ન :- સ્થૂળ વન્ડર્સ (અજાયબી) તો બધાં જાણે છે પરંતુ સૌથી મોટું વન્ડર કયું છે, જેને આપ બાળકો જ જાણો છો?

ઉત્તર :- સૌથી મોટું વન્ડર તો એ છે જે સર્વ નાં સદ્દગતિ દાતા બાપ સ્વયં આવી ને ભણાવે છે. આ વન્ડરફુલ વાત બતાવવા માટે તમારે પોતે-પોતાની દુકાનો નો ભપકો કરવો પડે છે કારણકે મનુષ્ય ભપકો (શો) જોઈને જ આવે છે. તો સૌથી સારી અને મોટી દુકાન કેપિટલ (રાજધાની) માં હોવી જોઈએ, જેથી બધાં આવીને સમજે.

ગીત :- મરના તેરી ગલી મેં...

ઓમ્ શાંતિ ! શિવ ભગવાનુવાચ. રુદ્ર ભગવાનુવાચ પણ કહી શકાય છે કારણકે શિવ માળા નથી ગવાતી. જે મનુષ્ય ભક્તિ માર્ગ માં ખુબ ફેરવે છે તેનું નામ રાખેલું છે રુદ્ર માળા. વાત એક જ છે પરંતુ રાઈટ-વે (સાચી રીતે) માં શિવબાબા ભણાવે છે. એ નામ જ હોવું જોઈએ, પરંતુ રુદ્ર માળા નામ ચાલ્યું આવે છે. તો તે પણ સમજાવવાનું હોય છે. શિવ અને રુદ્ર માં કોઈ ફરક નથી. બાળકોની બુદ્ધિ માં છે કે અમે સારી રીતે પુરુષાર્થ કરી બાબા ની માળા માં નજીક આવી જઈએ. આ દૃષ્ટાંત પણ બતાવાય છે. જેમ બાળકો દોડીને જાય છે, નિશાન સુધી જઈ પાછાં આવીને શિક્ષક પાસે ઉભા રહે છે. આપ બાળકો પણ જાણો છો આપણે ૮૪ નું ચક્ર લગાવ્યું. હવે પહેલાં-પહેલાં જઈને માળા માં પરોવાવાનું છે. તે છે હ્યુમન સ્ટુડન્ટ (મનુષ્ય વિદ્યાર્થી) ની રેસ. આ છે રુહાની રેસ. તે રેસ તમે કરી ન શકો. આ તો છે જ આત્માઓની વાત. આત્મા તો વૃદ્ધ, જવાન કે નાનો-મોટો થતો નથી. આત્મા તો એક જ છે. આત્માએ જ પોતાનાં બાપ ને યાદ કરવાનાં છે, આમાં કોઈ તકલીફ ની વાત નથી. ભલે ભણતર માં ઢીલાં પણ થઈ જાઓ પરંતુ આમાં શું તકલીફ છે, કાંઈ પણ નહીં. બધાં આત્માઓ ભાઈ-ભાઈ છે. તે રેસ માં જવાન તેજ દોડશે. અહીં તો તે વાત નથી. આપ બાળકો ની રેસ છે રુદ્રમાળા માં પરોવાની. બુદ્ધિ માં છે આપણા આત્માઓ નું પણ ઝાડ છે. તે છે શિવબાબા ની બધાં મનુષ્ય-માત્ર ની માળા. એવું નથી કે ફક્ત ૧૦૮ અથવા ૧૬,૧૦૮ ની માળા છે. નહીં. જે પણ મનુષ્ય માત્ર છે, બધાની માળા છે. બાળકો સમજે છે નંબરવાર દરેક પોત-પોતાનાં ધર્મ માં જઈને વિરાજમાન થશે, જે પછી કલ્પ-કલ્પ એ જગ્યા પર જ આવતા રહેશે. આ પણ વન્ડર છે ને! દુનિયા આ વાતો ને નથી જાણતી. તમારા માં પણ જે વિશાળ બુદ્ધિ વાળા છે તે આ વાતોને સમજી શકે છે. બાળકોની બુદ્ધિ માં આ જ વિચાર રહેવો જોઈએ કે અમે બધાને રસ્તો કેવી રીતે બતાવીએ. આ છે વિષ્ણુ ની માળા. શરુથી લઈને સિજરો શરુ થાય છે, ડાળ-ડાળીઓ બધું છે ને? ત્યાં પણ નાનાં-નાનાં આત્માઓ રહે છે. અહીં છે મનુષ્ય. પછી બધાં આત્માઓ એક્યુરેટ ત્યાં ઉભા હશે. આ વન્ડરફુલ વાતો છે. મનુષ્ય આ સ્થૂળ વન્ડર્સ બધાં જુએ છે પરંતુ તે તો કાંઈ પણ નથી. અહીં કેટલું વન્ડર છે જે સર્વ નાં સદ્દગતિ દાતા પરમપિતા પરમાત્મા આવીને ભણાવે છે. તમારે આ બધી પોઇન્ટ (વાત) પણ ધારણ કરવાની છે. મૂળ વાત છે જ ગીતા નાં ભગવાન ની. આનાં પર જીત પામ્યા તો બસ. ગીતા છે જ સર્વ શાસ્ત્રમઈ શિરોમણી, ભગવાન ની ગવાયેલી. પહેલાં-પહેલાં આ કોશિશ કરવાની છે. આજકાલ તો મોટો ભપકો જોઈએ, જે દુકાન માં ખુબ શો હોય છે ત્યાં મનુષ્ય ખુબ જાય છે. સમજશે અહીં સારો માલ હશે. બાળકો ડરે છે, આટલાં મોટાં-મોટાં સેવાકેન્દ્ર ખોલીએ તો લાખ બે લાખ સલામી આપે, ત્યારે દિલપસંદ મકાન મળે. એક જ રોયલ મોટી દુકાન હોય, મોટી દુકાન મોટાં-મોટાં શહેરો માં જ નીકળે છે. તમારી સૌથી મોટી દુકાન નીકળવી જોઈએ કેપિટલ (રાજધાની) માં. બાળકોએ વિચાર સાગર મંથન કરવું જોઈએ કે કેવી રીતે સર્વિસ વધે. મોટી દુકાન નીકળશે તો મોટાં-મોટાં વ્યક્તિ આવશે. મોટાં વ્યક્તિ નો અવાજ ઝટ ફેલાય છે. પહેલાં-પહેલાં તો આ કોશિશ કરવી જોઈએ. સર્વિસ માટે મોટાં થી મોટું સ્થાન એવી જગ્યાએ બનાવો જ્યાં મોટાં-મોટાં વ્યક્તિ આવીને જોઈને વન્ડર ખાય અને પછી ત્યાં સમજાવવા વાળા પણ ફર્સ્ટ ક્લાસ જોઈએ. કોઈ એક પણ સાધારણ બી.કે. સમજાવે છે તો સમજે છે - કદાચ બધાં બી.કે. જ એવા છે એટલે દુકાન પર સેલ્સમેન પણ સારા ફર્સ્ટ ક્લાસ જોઈએ. આ પણ ધંધો છે ને? બાપ કહે છે હિમ્મતે બચ્ચે મદદે

બાપદાદા. તે વિનાશી ધન તો કોઈ કામ નહીં આવશે. આપણે તો પોતાની અવિનાશી કમાણી કરવાની છે, આમાં અનેકો નું કલ્યાણ થશે. જેમ આ બ્રહ્માએ પણ કર્યું. પછી કોઈ ભૂખ્યા થોડી મરે છે. તમે પણ ખાઓ છો, આ પણ ખાય છે. અહીં જે ખાન-પાન મળે છે તે બીજે ક્યાંય નથી મળતું. આ બધું બાળકોનું જ છે ને! બાળકોને પોતાની રાજાઈ સ્થાપન કરવાની છે, આમાં ખુબ વિશાળ બુદ્ધિ જોઈએ. કેપિટલ માં નામ નીકળશે તો બધાં સમજી જશે. કહેશે બરાબર આ તો સાચું બતાવે છે, વિશ્વ નાં માલિક તો ભગવાન જ બનાવશે. મનુષ્ય, મનુષ્ય ને વિશ્વ નાં માલિક થોડી બનાવશે? બાબા સર્વિસ ની વૃદ્ધિ માટે સલાહ આપતા રહે છે.

સર્વિસ ની વૃદ્ધિ ત્યારે થશે જ્યારે બાળકો નું ફ્રાકદિલ (વિશાળદિલ) હશે. જે પણ કાર્ય કરો છો ફ્રાકદિલ થી કરો. કોઈ પણ શુભ કાર્ય જાતે જ કરવું - આ ખુબ સારું છે. કહેવાય પણ છે જાતે જ કરે સો દેવતા, કહેવાથી કરે તે મનુષ્ય. કહેવાથી પણ ન કરે... બાબા તો દાતા છે. બાબા થોડી કોઈને કહેશે આ કરો! આ કાર્ય માં આટલું લગાવો. નહીં. બાબાએ સમજાવ્યું છે મોટાં-મોટાં રાજાઓ નાં હાથ ક્યારેય બંધ નથી હોતાં. રાજાઓ હંમેશા દાતા હોય છે. બાબા સલાહ આપે છે-શું-શું જઈને કરવું જોઈએ. ખબરદારી પણ ખુબ જોઈએ. માયા પર જીત મેળવવાની છે, ખુબ ઊંચું પદ છે. અંત માં રીઝલ્ટ (પરિણામ) નીકળે છે પછી જે વધારે માર્ક્સ થી પાસ થાય છે તેમને ખુશી પણ હોય છે. અંત માં સાક્ષાત્કાર તો બધાને થશે ને, પરંતુ તે સમય શું કરી શકશો. તકદીર માં જે છે એ જ મળે છે. પુરુષાર્થ ની વાત અલગ છે. બાપ બાળકો ને સમજાવે છે વિશાળ બુદ્ધિ બનો. હમણાં તમે ધર્મ-આત્માઓ બનો છો. દુનિયામાં ધર્માત્મા તો ખુબ થઈને ગયાં છે ને? ખુબ તેમનો નામાચાર થાય છે. ફલાણા બહુજ ધર્માત્મા મનુષ્ય હતાં. કોઈ-કોઈ તો પૈસા ભેગા કરતાં-કરતાં અચાનક મરી જાય છે. પછી ટ્રસ્ટી બને છે. કોઈ બાળક પણ નાલાયક હોય છે તો પછી ટ્રસ્ટી કરે છે. આ સમયે તો આ છે જ પાપ આત્માઓની દુનિયા. મોટાં-મોટાં ગુરુઓ વગેરે ને દાન કરે છે. જેમ કાશ્મીર નાં મહારાજા હતાં, વિલ કરીને ગયાં કે આર્ય સમાજીઓ ને મળે. તેમનો ધર્મ વૃદ્ધિને પામે. હમણાં તમારે શું કરવાનું છે, કયા ધર્મ ને વૃદ્ધિ માં લાવવાનાં છે? આદિ સનાતન દેવી-દેવતા ધર્મ જ છે. આ પણ કોઈને ખબર નથી. હમણાં તમે ફરીથી સ્થાપન કરી રહ્યાં છો. બ્રહ્મા દ્વારા સ્થાપના. હવે બાળકોએ એક ની યાદ માં રહેવું જોઈએ. તમે યાદ નાં બળ થી જ આખી સૃષ્ટિ ને પવિત્ર બનાવો છો કારણકે તમારાં માટે તો પવિત્ર સૃષ્ટિ જોઈએ. આને આગ લાગવાથી પવિત્ર બને છે. ખરાબ વસ્તુ ને આગ માં પવિત્ર બનાવે છે. આમાં બધી જ અપવિત્ર વસ્તુ પડીને પછી સારી થઈને નીકળશે. તમે જાણો છો આ ખુબ છી-છી તમોપ્રધાન દુનિયા છે. ફરી સતોપ્રધાન થવાની છે. આ યજ્ઞ છે ને? તમે છો બ્રાહ્મણ. આ પણ તમે જાણો છો શાસ્ત્રો માં અનેક વાતો લખી દીધી છે, યજ્ઞ પર પછી દક્ષ પ્રજાપિતા નું નામ દેખાડ્યું છે. પછી રુદ્ર જ્ઞાન યજ્ઞ કહેવાયો. તેનાં માટે પણ શું-શું વાર્તાઓ બેસી લખી છે! યજ્ઞ નું વર્ણન કાયદેસર છે જ નહીં. બાપ જ આવીને બધું સમજાવે છે. હમણાં આપ બાળકોએ જ્ઞાન-યજ્ઞ રચ્યો છે શ્રીમત થી. આ છે જ્ઞાન-યજ્ઞ અને પછી વિદ્યાલય પણ થઈ જાય છે. જ્ઞાન અને યજ્ઞ બંને શબ્દ અલગ-અલગ છે. યજ્ઞ માં આહુતિ નાખવાની છે. જ્ઞાન સાગર બાપ જ આવીને યજ્ઞ રચે છે. આ ખુબ ભારે યજ્ઞ છે, જેમાં આખી જૂની દુનિયા સ્વાહા થવાની છે.

તો બાળકોએ સર્વિસ નો પ્લાન બનાવવાનાં છે. ભલે ગામડા વગેરે માં પણ સર્વિસ કરો. તમને ઘણાં કહે છે ગરીબો ને આ નોલેજ (જ્ઞાન) આપવી જોઈએ. ફક્ત સલાહ આપે છે, પોતે કંઈ કામ નથી કરતાં. સર્વિસ નથી કરતાં ફક્ત સલાહ આપે છે કે આવું કરો, ખુબ સારું છે. પરંતુ અમને ફુરસદ નથી. નોલેજ ખુબ સરસ છે. બધાને આ નોલેજ મળવી જોઈએ. પોતાને મોટાં વ્યક્તિ, તમને નાનાં વ્યક્તિ સમજે છે. તમારે ખુબ ખબરદાર રહેવાનું છે. તે ભણતર ની સાથે પછી આ ભણતર પણ મળે છે. ભણતર થી વાતચીત કરવાની અક્કલ આવી જાય છે. મેનર્સ (સભ્યતા) સારા થઈ જાય છે. અભણ તો જેમ ભુટ્ટ (ડફોળ) હોય છે. કેવી રીતે વાત કરવી જોઈએ, અક્કલ નથી. મોટાં વ્યક્તિ થી હંમેશા “આપ” કહી વાત કરવાની હોય છે. અહીંયા તો કોઈ-કોઈ એવાં પણ છે જે પતિને પણ તમે-તમે કહી દેશે. આપ શબ્દ રોયલ છે. મોટાં વ્યક્તિને આપ કહેવાશે. તો બાબા પહેલાં-પહેલાં સલાહ આપે છે કે દિલ્લી જે પરિસ્તાન હતું, ફરીથી તેને પરિસ્તાન બનાવવાનું છે. તો દિલ્લી માં બધાને સંદેશ આપવો જોઈએ, એડવર્ટાઈઝમેન્ટ (જાહેરાત) ખુબ સારી કરવાની છે. ટોપિક્સ (વિષય) પણ બતાવતા રહે છે, ટોપિક નું લિસ્ટ બનાવો પછી લખતાં જાઓ. વિશ્વ માં શાંતિ કેવી રીતે થઈ શકે છે આવીને સમજો, ૨૧ જન્મો નાં માટે નિરોગી કેવી રીતે બની શકો છો, આવીને સમજો. એવી ખુશી ની વાતો લખેલી હોય. ૨૧ જન્મોનાં માટે નિરોગી, સતયુગી ડબલ સિરતાજ આવીને બનો. સતયુગી શબ્દ તો બધામાં નાખો. સુંદર-સુંદર શબ્દ હોય તો મનુષ્ય જોઇને ખુશ થાય. ઘર માં પણ એવાં બોર્ડ ચિત્ર વગેરે લગાવેલાં હોય. પોતાનો ધંધો વગેરે ભલે કરો. સાથે-સાથે

સર્વિસ પણ કરતાં રહો. ધંધા માં આખો દિવસ થોડી રહેવાનું હોય છે. ઉપર થી ફક્ત દેખભાળ કરવાની હોય છે. બાકી કામ અસિસ્ટન્ટ મેનેજર ચલાવે છે. કોઈ શેઠ લોકો ફ્રાકદિલ હોય છે તો અસિસ્ટન્ટ ને સારો પગાર (વેતન) આપીને પણ ગાદી પર બેસાડી દે છે. આ તો બેહદની સર્વિસ છે. બીજી બધી છે હદ ની સર્વિસ. આ બેહદ ની સર્વિસ માં કેટલી વિશાળ બુદ્ધિ હોવી જોઈએ! આપણે વિશ્વ પર જીત મેળવીએ છીએ. કાળ પર પણ આપણે જીત મેળવીને અમર બની જઈએ છીએ. આવું-આવું લખાણ જોઈને આવશે અને સમજવાની કોશિશ કરશે. અમરલોક નાં માલિક તમે કેવી રીતે બની શકો છો આવીને સમજો, ઘણાં ટોપિક્સ (વિષય) નીકળી શકે છે. તમે કોઈને વિશ્વ નાં માલિક બનાવી શકો છો. ત્યાં દુઃખ નું નામ-નિશાન નથી રહેતું. બાળકો ને કેટલી ખુશી હોવી જોઈએ. બાબા આપણને ફરીથી શું બનાવવા આવ્યાં છે! બાળકો જાણે છે જૂની સૃષ્ટિ થી નવી બનવાની છે, મોત પણ સામે ઊભું છે. જુઓ છો લડાઈ લાગતી રહે છે. મોટી લડાઈ લાગી તો ખેલ જ ખલાસ થઈ જશે. તમે તો સારી રીતે જાણો છો. બાપ ખુબ પ્રેમ થી કહે છે - મીઠા બાળકો, વિશ્વ ની બાદશાહી તમારે માટે છે. તમે વિશ્વનાં માલિક હતાં, ભારત માં તમે અથાહ સુખ જોયું. ત્યાં રાવણ રાજ્ય જ નથી. તો એટલી ખુશી જોઈએ. બાળકોએ પરસ્પર મળીને સલાહ કરવી જોઈએ. સમાચાર પત્ર માં નાખવું જોઈએ. દિલ્લી માં પણ એરોપ્લેન થી પરચા નાખો. નિમંત્રણ આપે છે, ખર્ચો કાંઈ વધારે થોડી લાગે છે, મોટાં ઓફિસર સમજી જાય તો મફત પણ કરી શકે છે. બાબા સલાહ આપે છે, જેમ કલકત્તા છે ત્યાં ચાર રસ્તા માં ફર્સ્ટ ક્લાસ એક જ મોટી દુકાન હોય રોયલ, તો ગ્રાહક ખુબ આવશે. મદ્રાસ, બોમ્બે મોટાં-મોટાં શહેરો માં મોટી દુકાન હોય. બાબા બિઝનેસમેન પણ તો છે ને? તમારા થી કખપણું પાઈ પૈસા લઈને એક્સચેન્જ (વળતર) માં શું આપુ છું! એટલે ગવાય છે રહેમદિલ. કોડી થી હીરા જેવા બનાવવા વાળા, મનુષ્ય ને દેવતા બનાવવા વાળા. બલિહારી એક બાપ ની છે. બાપ ન હોત તો તમારી શું મહિમા થાત.

આપ બાળકોને ફખુર (નશો) હોવો જોઇએ કે ભગવાન આપણને ભણાવે છે. લક્ષ્ય અને હેતુ નર થી નારાયણ બનવાનો સામે ઉભો છે. પહેલાં-પહેલાં જેમણે અવ્યભિચારી ભક્તિ શરૂ કરી છે, એજ આવીને ઊંચું પદ મેળવવાનો પુરુષાર્થ કરશે. બાબા કેટલાં સારા-સારા પોઇન્ટસ સમજાવે છે, બાળકોને ભુલાઈ જાય છે, ત્યારે બાબા કહે છે પોઇન્ટ્સ લખો. ટોપિક્સ લખતાં રહો. ડોક્ટર લોકો પણ પુસ્તક વાંચે છે. તમે છો માસ્ટર રુહાની સર્જન. તમને શીખવાડે છે આત્મા ને ઇન્જેક્શન કેવી રીતે લગાવવાનું છે. આ છે જ્ઞાન નું ઇન્જેક્શન. આમાં સોય વગેરે તો કાંઈ નથી. બાબા છે અવિનાશી સર્જન, આત્માઓને આવી ને ભણાવે છે. એજ અપવિત્ર બની છે. આ તો ખુબ સહજ છે. બાપ આપણને વિશ્વનાં માલિક બનાવે છે, એમને આપણે યાદ નથી કરી શકતાં! માયા નું અપોઝિશન (વિરોધ) ખુબ છે એટલે બાબા કહે છે-ચાર્ટ રાખો અને સર્વિસ નો ખ્યાલ કરો તો ખુબ ખુશી થશે. કેટલી પણ સારી મોરલી ચલાવે છે પરંતુ યોગ નથી. બાપ થી સાચાં બનવું પણ ખુબ મુશ્કેલ છે. જે સમજે છે અમે ખુબ આગળ છીએ તો બાબા ને યાદ કરી ચાર્ટ મોકલે તો બાબા સમજશે ક્યાં સુધી સાચું છે કે જૂઠું? અચ્છા, બાળકો ને સમજાવ્યું - સેલ્સમેન બનવાનું છે, અવિનાશી જ્ઞાન-રત્નો નું. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા બાપદાદાનાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. મુખ્ય ઉદ્દેશ ને સામે રાખી ફખુર (નશા) માં રહેવાનું છે, માસ્ટર રુહાની સર્જન બની બધાને જ્ઞાન ઇન્જેક્શન લગાવવાનું છે. સર્વિસ ની સાથે-સાથે યાદ નો પણ ચાર્ટ રાખવાનો છે તો ખુશી રહેશે.
2. વાતચીત કરવાનાં મેનર્સ સારા રાખવાનાં છે, 'આપ' કહી વાત કરવાની છે. દરેક કાર્ય ફ્રાકદિલ બની કરવાનું છે.

વરદાન :- સર્વ કર્મેન્દ્રિયો નાં આકર્ષણ થી પરે કમળ સમાન રહેવા વાળા દિવ્ય બુદ્ધિ અને દિવ્ય નેત્ર નાં વરદાની ભવ

બાપદાદા દ્વારા દરેક બ્રાહ્મણ બાળકો ને જન્મ થતા જ દિવ્ય સમર્થ બુદ્ધિ અને દિવ્ય નેત્ર નું વરદાન મળ્યું છે. જે બાળકો પોતાને બર્થ ડે ની આ ગિફ્ટ સદા યથાર્થ રીતે યુઝ કરે છે તે કમળ પુષ્પ નાં સમાન શ્રેષ્ઠ સ્થિતિ નાં આસન પર સ્થિત રહે છે. કોઈ પણ પ્રકાર નાં આકર્ષણ - દેહ નો સંબંધ, દેહ નાં પદાર્થ અથવા કોઈ પણ કર્મેન્દ્રિય એમને આકર્ષિત નથી કરી શકતી. તે સર્વ આકર્ષણો થી પરે સદા હર્ષિત રહે છે. તે સ્વયં ને કળિયુગી પતિત વિકારી આકર્ષણ થી કિનારો કરેલો મહેસુસ કરે છે.

સ્લોગન :- જ્યારે ક્યાંય પણ આસક્તિ ન હોય ત્યારે શક્તિ સ્વરુપ પ્રત્યક્ષ છો.

અવ્યક્ત ઇશારા - સંકલ્પો ની શક્તિ જમા કરી શ્રેષ્ઠ સેવા નાં નિમિત્ત બનો

પોતાના શ્રેષ્ઠ સંકલ્પ દ્વારા અન્ય આત્માઓ નાં વ્યર્થ સંકલ્પો અથવા વિકલ્પો નાં વહેતાં વહાવ થી અને પોતાની શક્તિ થી અલ્પ સમય માં કિનારો કરીને દેખાડો. વ્યર્થ સંકલ્પ શુદ્ધ સંકલ્પો માં પરિવર્તિત કરી દો. એક સ્થાન પર હોવા છતાં પણ અનેક આત્માઓ પર તમારા શ્રેષ્ઠ સંકલ્પ અને દિવ્ય નજર નો પ્રભાવ પડે.